# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૨૩–૦૮ – ૨૦૧૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ધ્વારા મુંબઈમાં સ્પાર્કલ ૨૦૧૦ના પ્રમોશન માટે પ્રથમ રોડ શો યોજાયો

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ના ઉપક્રમે આગામી ડિસેમ્બરમાં યોજાનારા ઈન્ટરનેશનલ જેમ એન્ડ જવેલરી એકિઝબિશન'સ્પાર્કલ ૨૦૧૦'ના પ્રમોશન માટેના પ્રથમ રોડ શોનું આયોજન હોટેલ ગ્રાન્ટ સરોવર કાંદીવલી,મુંબઈ ખાતે કરવામાં આવ્યું હતું.જેમ એન્ડ જવેલરી એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલના પ્રમુખશ્રી વસંતભાઈ મહેતાના અધ્યક્ષપદે યોજાયેલા આ સમારંભમાં ચેમ્બરના પ્રમુખ ડો.અજોય ભટ્ટાચાર્ય,ઉપપ્રમુખશ્રી રોહિત મહેતા અને માનદમંત્રીશ્રી કમલેશ યાજ્ઞિક તથા એકિઝબિશન ચેરમેનશ્રી જનક પચ્ચીગર ઉપસ્થિત રહયા

ચેમ્બર પ્રમુખ  ડો.અજોય ભટ્ટાચાર્યએ ૨૯મી ડિસેમ્બર થી ૨જી જાન્યુઆરી ૨૦૧૧ દરમિયાન સુરત ઈન્ટરનેશનલ એકિઝબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર,સરસાણા ખાતે યોજાનારા 'સ્પાર્કલ–૨૦૧૦ ' માં  ટુરિઝમ,આર્ટિઝન્સ અને ફૂડ ફેસ્ટીવલ  વિશે વિસ્તૃત જાણકારી આપતું ઓડિયો વિન્યુઅલ પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતું.

કાર્યક્રમના અધ્યક્ષશ્રી વસંતભાઈ મહેતાએ કહયું હતું કે,જેમ એન્ડ જવેલરી ઉદ્યોગના વિકાસમાં 'સ્પાર્કલ' જેવાં પ્રદર્શનો ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે ઉદ્યોગકારોને આ ક્ષેત્રમાં રહેલી નવી તકોની વિસ્તૃત જાણકારી આપી હતી અને જેમ એન્ડ જવેલરી ક્ષેત્રના વિકાસ માટે આગળ આવવા આહવાન કર્યુ હતું.તેમણે ગુજરાત મહારાષ્ટ્ર તથા અન્ય રાજયોના ઉદ્યોગકારો તથા વ્યાપારીઓને 'સ્પાર્કલ ૨૦૧૦'માં સહભાગી થવા અપીલ કરી હતી તેમજ આ ક્ષેત્રમાં કૌશલ્ય ધરાવનારા માનવબળની જરૂરીયાત તેમજ આ ઉદ્યોગમાં ટ્રેનિંગને મહત્વ આપવા ઉપર ભાર મુકતા એ દિશામાં વધુ ઘ્યાન આપવાનું સુચન
કર્યુ હતું.

આ રોડ શોમાં મુંબઈના જેમ–જવેલરી ઉદ્યોગ તથા વ્યાપાર અને મશીનરી ઉદ્યોગ સાથે સંકળાયેલા મહાનુભાવોએ મોટી સંખ્યામાં હાજર રહી પ્રોત્સાહક પ્રતિભાવ આપ્યો હતો.